**ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો ૧૯૭૪ તેમાં ફેરફાર કરવા બાબત.**

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: બમશ-૧૩૯૧-૨૬૬૦-ગ,
સચિવાલય,ગાંધીનગર.
તા. ૨૦-૪-૯૨.

ઠ રા વ :-

ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ,૧૯૭૨( સને ૧૯૭૩ ના ગુજરાતના ૧૮ મા) નો કલમ-૫૩નો પેટા કલમ-(૩) થી મળેલ સત્તાની રુએ ગુજરાત સરકારે, ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨ હેઠળ કરેલા ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો, ૧૯૭૪ માં નીચેનો ફેરફાર મંજુર કરેલ છે.

વર્તમાન વિનિયમ ૩૦(૩) પછી નીચે મુજબ સ્પષ્ટીકરણ ઉમેરવું.
૩૦(૩) (ક) સ્પષ્ટીકરણ :-

(૧) આ અર્ધપગારી રજાઓ દર વર્ષે પહેલી જાન્યુ. એ દસ અને પહેલી જુલાઈએ દસ એમ આગોતરી કર્મચારીના રજાના ખાતામાં જમા કરવાની રહેશે.

(૨) નવી નિમણુંકના કિસ્સામાં પ્રથમ છ માસિક ગાળા સુધીના સમયગાળા માટે દર માસ દીઠ પાંચ તૃતિયાંશ ( ૫/૩ ) દિવસની રજા જમા કરવાની રહેશે.

(૩) કર્મચારી નિવૃત્ત થાય, અવસાન પામે, રાજીનામું આપે નોકરીમાંથી બરતરફ કરવામાં આવે કે અન્ય રીતે નોકરીમાં સમાપ્ત થાય ત્યારે છેલ્લા છ માસિક ગાળાના સમય માટે દસ આગોતરી રજાને બદલે જેટલા પુરા માસ માટે ફરજ બજાવી હોય તે બદલ એક માસ દીઠ

પાંચ તૃતિયાંશ ( $\frac{5}{3}$ ) દિવસની રજા ગણતરોમાં લેવાની રહેશે.

ઉપર મુજબ ગણતરો કરવા માટે દિવસના ભાગ( ફ્રેક્શન)ને બદલે નજીક નો પૂર્ણ દિવસ ગણતરોમાં લેવો અને માસના ભાગ માટે નજીકનો પૂર્ણ માસ ગણતરોમાં લેવો (એટલે કે ૧૫ દિવસથી વધુ દિવસો માટે આગળનો માસ ગણવો)

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા. ૨૦-૨-૯૨ની સંમતિથી રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એચ.આર.સોની)
સેક્શન અધિકારી,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,
સચિવશ્રી, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી, ગાંધીનગર.
રજીસ્ટ્રારશ્રી, ગુજરાત માધ્યમિક શિક્ષણ પંચ, હોસ્ટેલ બીલ્ડીંગ
પોલીટેકનીક કંપાઉન્ડ, અમદાવાદ.
સર્વે જીલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ.
નાણાં વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
વિભાગની સર્વે શાખાઓ.
સીલેક્ટ ફાઈલ.

એમએલ: સ્ટે.